# બગદાણા હુમલા કેસની તપાસ માટે SITની રચના

**કોળી** સમાજના નેતાઓ CMને મળ્યા

3 સાંસદ અને 15 ધારાસભ્યો હાજર રહ્યા



રાજકોટ : બગદાણાના નવનીત બાલધિયા નામના કોળી યુવક પર આઠ શખસો દ્વારા 29 ડિસેમ્બર, 2025ના રાત્રિના કરાયેલા હુમલાના ઘેરા પડઘા પડ્યા છે. નવનીત બાલધિયાએ પોતાના પર થયેલા હુમલા પાછળ લોકસાહિત્યકાર માયાભાઈ આહીરના પુત્ર જયરાજ આહીરનું ષડયંત્ર હોવાનો આક્ષેપ કર્યો છે. આ સાથે જ પોલીસની કામગીરી પર પણ સવાલો ઉઠાવ્યા હતા. જોકે, આ મામલે તપાસ કરવા SITની રચના કરવામાં આવી છે.

હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા નવનીત બાલધિયાના 1 જાન્યુઆરી, 2026ના રોજ ખબર અંતર પૂછવા ગયેલા રાજુલાના ધારાસભ્યએ આ મામલે સોમવારે ગાંધીનગરમાં મુખ્યમંત્રી અને હર્ષ સંઘવીને મળી રજૂઆત કરવાનો નિર્ણય કર્યો હતો. આજે (5 જાન્યુઆરી) સવારે કોળી સમાજના ધારાસભ્યો અને સાંસદ સભ્ય ગાંધીનગર પરસોત્તમ સોલંકીના નિવાસસ્થાને આવી પહોંચ્યા બાદ મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી આ કેસની ન્યાયિક તપાસ કરવાની માગ કરી હતી. બગદાણા ધામના સેવક નવનીત બાલધિયા પર થયેલા હુમલા કેસની ન્યાયિક તપાસ કરવાની માગ સાથે આજે કોળી સમાજના નેતાઓએ મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી હતી. જૂનાગઢના સાંસદ રાજેશ ચુડાસમા, ભાવનગરના સાંસદ નિમુબેન બાંભણિયા, સુરેન્દ્રનગરના સાંસદ ચંદુ શિહોરા, કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયા, પરસોત્તમ સોલંકી, હીરા સોલંકી સહિત 15 ધારાસભ્યોએ મળી મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી. મુખ્યમંત્રી સાથેની મુલાકાત બાદ રાજુલાના ધારાસભ્ય હીરા સોલંકીએ કહ્યું હતું કે, અમારી લડાઈ કોઈ સમાજ સામે નથી. કોળી સમાજના યુવક પર જે રીતે હુમલો થયો છે તેની ન્યાયિક તપાસ થાય તેવી અમારી માગ છે. અમે મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી આ મામલે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરી તપાસ કરાવવાની માગણી કરી છે.

મુખ્યમંત્રી દ્વારા અમને યોગ્ય તપાસની ખાતરી આપવામાં આવી છે. બગદાણા ધામના સેવક નવનીત બાલધિયા પર થયેલા હુમલા કેસની ન્યાયિક તપાસ માટે મુખ્યમંત્રીને રજૂઆત કરાયાની ગણતરીની મિનિટોમાં જ ભાવનગર રેન્જ આઈજી દ્વારા આ કેસની તપાસ માટે સ્પેશઇયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરી દેવામાં આવી છે. ધારીના મદદનીશ પોલીસ અધીક્ષક તરીકે ફરજ બજાવતા જયવીર ગઢવીનીઅધ્યક્ષતામાં રચાયેલી SITમાં પોલીસ ઈન્સપેક્ટર એમ.જી જાડેજા, પી.જે.વાળા, હેડ કોન્સ્ટેબલ લક્ષ્મણદેવસિંહ ચુડાસમા અને ભગવાનભાઈ ખાંભલાનો સમાવેશ કરાયો છે. બગદાણામાં આઠ લોકોએ કરેલા હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા નવનીત બાલધિયાએ 1 જાન્યુઆરીએ હીરા સોલંકી સાથેની મુલાકાત બાદ કહ્યું હતું કે, મુંબઈના એક કાર્યક્રમમાં માયાભાઈ આહીરે બગદાણા ટ્રસ્ટમાં મેનેજિંગ ટ્રસ્ટી તરીકે યોગેશભાઈ સાગરના નામનો ઉલ્લેખ કર્યો હતો. જેથી મેં માયાભાઈ આહીરને ફોન કરી જાણ કરી હતી કે બગદાણાના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે કોઈ નથી. જેથી માયાભાઈએ કહ્યું હતું કે, હું માફી માગતો વીડિયો મોકલી આપું છું. તેને વીડિયો મોકલતા મેં મારા ચાર પાંચ મિત્રોને મોકલ્યો હતો. માયાભાઈએ માફી માગતા તેના પુત્ર જયરાજને લાગી આવ્યું હતું, જેથી તેને મને ફોન કરી મળવા માટે કહ્યું હતું.

મેં માયાભાઈને માફી માગવા માટે કહ્યું ન હતું તેને જ સામેથી વીડિયો મોકલ્યો હતો. માયાભાઈ આહીરે માફીનો વીડિયો બનાવ્યો એટલે તેના પુત્ર જયરાજે આખું ષડયંત્ર રચ્યું છે. પોલીસ મારો કેસ ડાયવર્ટ કરી રહી છે. મારી માગ છે કે, આ લોકો જ્યારે મને મારતા હતા ત્યારે વીડિયો કોલ કરી કોની સાથે વાત કરતા હતા પોલીસ તેની તપાસ કરે.

# અમદાવાદ ગ્રામ્ય કોર્ટને બોમ્બ થી ઉડાવી દેવાની ધમકી

**ડોગ** સ્કવોડ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડે તપાસ કરી પણ કંઇ શંકાસ્પદ નહીં મળ્યું



અમદાવાદ : અમદાવાદ ગ્રામ્ય કોર્ટને બોમ્બ થી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈમેલ અજાણ્યા શખ્સ દ્વારા મળ્યો હતો. જેના પગલે તાત્કાલિક કોર્ટની કામગીરી સ્થગિત કરીને સુરક્ષા એજન્સીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

જોકે તપાસના અંતે કંઈ જ વાંધાજનક ચીજ વસ્તુઓ મળી ન હતી.

આ અંગે મળતી માહિતી મુજબ અમદાવાદ શહેરના ઈન્કમટેક્સ પાસે જૂની હાઈકોર્ટ બિલ્ડિંગમાં કાર્યરત અમદાવાદ ગ્રામ્ય કોર્ટને બોમ્બ થી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈમેલ કોર્ટ રજિસ્ટ્રારને મળ્યો હતો.

આ ધમકીભર્યા ઈમેલની જાણ નવરંગપુરા પોલીસને કરવામાં આવતા સુરક્ષા એજન્સીઓ, બોમ્બ સ્કવોર્ડ, ડોગ સ્કવોર્ડ સહિતની તમામ ટીમોએ કોર્ટ સંકુલમાં તપાસ હાથ ધરી હતી.

સુરક્ષાના ભાગરૂપે ગ્રામ્ય કોર્ટ સંકુલને તાત્કાલિક ખાલી કરી કોર્ટ કાર્યવાહી સ્થગિત કરવામાં આવી હતી. પોલીસ દ્વારા કોર્ટ સંકુલમાં સઘન તપાસ કરવામાં આવી હતી. પોલીસ તપાસ બાદ કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી ન હતી.

# સિંહણને બેભાન કરવા છોડાયેલું ઈન્જેક્શન વાગતા વનકર્મીનું મોત

**જૂનાગઢમાં** સિંહણને પાંજરે પૂરતી સમયે બની ઘટના

**ઈતિહાસમાં** પ્રથમવાર આવી ઘટના બની હોવાની શક્યતા

રાજકોટ : જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના નાની મોણપરી ગામે રવિવારે ચાર વર્ષના બાળકને સિંહણે ફાડી ખાધો હતો. ઘટનાના પગલે વનવિભાગની ટીમે સિંહણને પાંજરે પુરવા માટે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું. વનવિભાગની ટ્રેન્ક્યુલાઈઝર ગન સાથેની ટીમ પણ ઘટનાસ્થળ પર પહોંચી હતી.

તુવેરના એક ખેતરમાં વનવિભાગનો સ્ટાફ જ્યારે પાંજરું ગોઠવી રહ્યા હતા ત્યારે જ ત્યાં સિંહણ ચડી આવતા ટ્રેન્ક્યુલાઈઝર ટીમ દ્વારા ફાયર કરાયું હતું. જો કે, ઈન્જેકશન



સિંહણને લાગવાના બદલે ઘટનાસ્થળ પર હાજર વનવિભાગના ટ્રેકર અશરફ અલારખાને લાગતા સારવાર માટે જૂનાગઢ સિવિલમાં ખસેડાયા હતા.

કદાવર પ્રાણીને બેભાન કરવા માટે વપરાતા ઝેરનું ઈન્જેકશન વનકર્મીને લાગતા સારવાર દરમિયાન ગણતરીના કલાકોમાં જ મોત નિપજ્યું હતું. જૂનાગઢ જિલ્લામાં બનેલી આ ઘટના કદાચ ઈતિહાસની પ્રથમ ઘટના છે કે, જેમાં ટ્રેન્ક્યુલાઈઝર ગનના મિસ ફાયરથી કોઈ વનકર્મીનું મોત નિપજ્યું હોય. 1 જાન્યુઆરીએ વહેલી સવારે નાની મોણપરી ગામની સીમમાં મજૂરી કામ કરતા પરિવારના 4 વર્ષના બાળક પર એક સિંહણે હુમલો કરી તેને મોતને ઘાટ ઉતાર્યો હતો. આ ઘટના બાદ માનવભક્ષી બનેલી સિંહણને પકડવા માટે સાસણથી ખાસ રેસ્ક્યુ ટીમ બોલાવવામાં આવી હતી. સાંજના સમયે જ્યારે સિંહણ તુવેરના ખેતરમાં હોવાની જાણ થઈ, ત્યારે તેને બેભાન કરવા માટે વન વિભાગની ટીમ દ્વારા ટ્રાન્ક્યુલાઈઝર ગનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### ટ્રેન્ક્યુલાઈઝર ગનનો ઉપયોગ કઈ રીતે થાય છે?

હિંસક પ્રાણીઓને બેભાન કરવા માટે વપરાતી ટ્રેન્ક્યુલાઈઝર ગન (Tranquilizer Gun)માં કોઈ સામાન્ય ગોળી નથી હોતી, પરંતુ તેમાં એક વિશેષ પ્રકારની 'ડાર્ટ' (Dart) એટલે કે નાની સિરીંજ જેવું ઇન્જેક્શન ભરવામાં આવે છે. આ ગન અને તેમાં વપરાતા રસાયણો વિશેની મુખ્ય વિગતો નીચે મુજબ છે.

## કચ્છમાં કાતિલ ઠંડી, નલિયામાં 7 ડિગ્રી

ગાંધીનગરઃ સૌરાષ્ટ્ર- કચ્છમાં સમાન્ય કરતાં અત્યંત નીચું તાપમાન નોંધાવવા સાથે કચ્છમાં ઠંડીનો ધ્રુજારો વધી જવા પામ્યો છે. આજે સોમવારે દિવસ દરમિયાન કચ્છના નલિયામાં ઠંડીનો પારો અચાનક નીચે ગગડી જવા સાથે 7 ડિગ્રીએ પહોંચી ગયો હતો. આગામી પાંચ દિવસ સુધી રાજ્યમાં કાતિલ ઠંડીનો રાઉન્ડ રહેવાનો છે. જેના પગલે ગુજરાતમાં હવે ઠંડીનો ચમકારો વધવાનો છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ, હવે પાંચ દિવસ દરમિયાન રાજ્યમાં કાતિલ ઠંડી અનુભવાશે. કચ્છ ઉપરાંત રાજ્યના વિવિધ ભાગોમાં ઠંડી વધવાની છે. ઉત્તર- પૂર્વીય- પૂર્વીય પવનના કારણે ઠંડી યથાવત રહેશે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં આજે લઘુતમ તાપમાનનો પારો નીચે ઉતરી ગયો હતો.

હવામાન વિભાગના સૂત્રોએ કહ્યું હતું કે રાજ્યમાં આજે રવિવારે અન્ય શહેરો પૈકી ભૂજમાં 11 ડિ.સે., નલિયામાં 7 ડિ.સે., કંડલા પોર્ટ પર 15 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 9 ડિ.સે., ભાવનગરમાં 17 ડિ.સે., રાજકોટમાં 11 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 13 ડિ.સે., મહુવામાં 14 ડિ.સે., કેશોદમાં 10 ડિ.સે., અમદાવાદમાં 13 ડિ.સે., ડીસામાં 11 ડિ.સે., ગાંધીનગરમાં 11 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 13 ડિ.સે., વડોદરામાં 13 ડિ.સે., સુરતમાં 17 ડિ.સે. અને દમણમાં 17 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાવવા પામ્યું છે.

# અમારી સરકાર આવશે તો ડો.રાજેન્દ્રને ફરીથી નોકરીએ લઈ પ્રમોશન આપીશું

**વિધાનસભા** કોંગ્રેસ પક્ષના નેતા ડો.તુષાર ચૌધરીના ભાજપ પર ચાબખાં

**કલેક્ટર** સુધી 10 ટકા જ આવે છે, 90 ટકા ગાંધીનગરમાં બેઠેલા ભાજપના લોકો ખાઈ જતા હોવાના આક્ષેપ

અમદાવાદઃ બચુભાઈ ખાબડ વર્ષોથી ધારાસભ્ય રહ્યા છે અને સરકારમાં મંત્રી પણ રહ્યા છે. છતાં પણ વિસ્તારના સ્ટેટ હાઈવેના ખાડાઓ રિપેર થયા નથી, કોઈ નવો રોડ બનાવ્યો નથી કે અન્ય કોઈ વિકાસના કામો કર્યા નથી. પરંતુ જનહિતની યોજનાઓમાં ઉઘાડી લૂંટ થઈ છે. આખી દુનિયાને ખબર છે કે ભાજપ સરકારમાં તત્કાલીન મંત્રીએ કેટલું મોટું કોભાંડ કર્યું. આ મામલે હજુ તો માત્ર મંત્રીના પુત્રો જ જેલમાં ગયા છે, પરંતુ તેમની પોતાની 7/12ની નકલમાં નામ છે, એમાં પણ કરોડો રૂપિયા ખાઈ ગયા છે, હજુ એનો વારો પણ આવશે, તેવું પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું.

જન આક્રોશ યાત્રાના પંદરમા દિવસની શરૂઆત લીમખેડાથી કરવામાં આવી હતી, ત્યારબાદ યાત્રા પીપલોદ, દેવગઢ બારીયા, વેદ ચોકડી, ધાનપુર, વાસીયા ડુંગરી, કાળાખુંટ, ગાંગરડી, ગરબાડા, પાંચવાડા માર્ગે દાહોદ તરફ આગળ વધી. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતુ કે રાજ્યમાં "કુપોષણમુક્ત ગુજરાત"ના સૂત્રો આપે છે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ છે. તાજેતરમાં જે આંકડા સામે આવ્યા છે, એ મુજબ રાજ્યમાં 3.21 લાખ બાળકો કુપોષિત છે. ગુજરાતમાં કુપોષણ માત્ર કોઈ એક વિસ્તારની સમસ્યા નથી પરંતુ રાજ્યવ્યાપી ગંભીર સંકટ બની ગયું છે. જે આંકડાઓ આવ્યા છે એમાં પણ મોટાભાગના બાળકો આદિવાસી અને ગરીબ વિસ્તારોમાં રહે છે, સૌથી વધુ પંચમહાલ અને દાહોદના અસરગ્રસ્ત છે. કરોડો રૂપિયાનું બજેટ અને અનેક યોજનાઓ હોવા છતાં સ્થિતિમાં સુધારો ન થવો એ ભાજપ સરકારની નીતિગત નિષ્ફળતાનું સ્પષ્ટ ઉદાહરણ છે.

વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીએ જણાવ્યું કે તાજેતરમાં ભ્રષ્ટાચારના કેસમાં સુરેન્દ્રનગરના કલેક્ટરને સસ્પેન્ડ કર્યા હતા, પરંતુ જો અમારી સરકાર આવશે તો અમે તેમને ફરી નોકરીમાં લઈશું. જે પ્રમોશન આપવાનું થતું હશે તે પણ આપીશું, પરંતુ એમને પહેલા કહેવું પડશે કે એમણે કયા ભાજપના નેતાઓના દબાણથી આ કામ કર્યું અને કોના ઈશારે આ કામ કર્યું? કારણ કે 10 ટકા જ કલેક્ટર સુધી આવે છે અને 90 ટકા તો ગાંધીનગરમાં બેઠેલા ભાજપના લોકો ખાઈ જાય છે. એમને ખુલ્લા પાડવા એ આપણો મુખ્ય ઉદ્દેશ છે.

## સાપ પકડતી વખતે ફાયર બ્રિગેડના માર્શલને ડંખ માર્યો

સુરતઃ કાપોદ્રા ખાતે ડીજીવીસીએલ કંપનીમાં આજે બપોરે સાપ નીકળ્યો હતો. તેનો કોલ મળતા કાપોદ્રા ફાયર બ્રિગેડની ટીમ તુરંત રેસક્યુ કરવા માટે પહોંચી ગઈ હતી. દરમિયાન રેસક્યુ કરેલાં સાપને થેલીમાં નાખવા જતા ફાયર બ્રિગેડનાં માર્સલને ડંખી ગયો હતો.

કાપોદ્રા ફાયર સબ ઓફિસર પ્રવિણ ચૌધરીએ જણાવ્યું હતુ કે,આજે બપોરે 12:00 કલાકે કાપોદ્રા સ્થિત ડીજીવીસીએલ કંપનીનાં પરિસરમાં સાપ નિકળ્યાનો કોલ ફાયર કંટ્રોલને મળતા અમારી ટીમ તેને રેસક્યુ કરવા મારે તુરંત જ પહોચી ગઈ હતી. આ સાપને ટીમ રેસક્યુ કરી રહી હતી દરમિયાન ફાયર સ્ટેશનનાં માર્શલ દર્શન પટેલે આ સાપને સ્ટિક વડે પકડી લીધા બાદ તેને થેલામાં નાંખતી વખતે હાથ ઉપર ડંખ મારી લીધો હતો તેથી તેને તુરંત સારવાર માટે સ્મિમેર હોસ્પિટલ ખસેડાયા હતા. જોકે આ સાપ બિન ઝેરી નસલનો હોવાથી માર્સલને ઔપચારીક સારવાર આપ્યા બાદ રજા આપી દેવામાં આવી હતી. અંદાજે 8થી 10 ફૂટ લાંબા બિન ઝેરી એવા ધામણ નસલનાં સાપને રેસક્યુ કર્યા બાદ તેને દુર જંગલ વિસ્તારમાં છોડી મુકવામાં આવ્યો હતો.

# ગળાના ભાગે ચપ્પુ મારી ડિંડોલીના યુવકનો આપઘાત

**મિત્રો** સાથે થર્ટી ફર્સ્ટની પાર્ટી કરીને આવ્યા બાદ પગલું ભર્યું, પરિજનોએ હત્યાની શંકા વ્યક્ત કરી

સુરતઃ ડિંડોલીમાં થર્ટી ફર્સ્ટની પાર્ટી કર્યા બાદ યુવકે ગળાના ભાગે ચપ્પુ મારીને આપઘાત કરી લીધો હતો. પરિવારે હત્યાની શંકા વ્યક્ત કરતા સ્મીમેર હોસ્પિટલમાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. જેથી રિપોર્ટ આવ્યા બાદ વધુ તપાસ ડીંડોલી પોલીસ કરશે. મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની જીતેન રાજેશભાઈ શિવહરે (23 વર્ષ) હાલ ડીંડોલી ક્રિસ્ટલ હોમમાં પરિવાર સાથે રહેતો હતો, તે કાપડ માર્કેટમાં નોકરી કરતો હતો. મિત્રો સાથે થર્ટી ફર્સ્ટની પાર્ટી કર્યા બાદ જીતેન ઘરે આવીને સૂઈ ગયો હતો. બીજા દિવસે સવારે જીતેનના ગળા પર ચપ્પુના ઘા લાગ્યા હતા. જેથી પરિવારજનો તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા, જ્યાં સારવાર દરમિયાન રવિવારે બપોરે તેનું મોત નીપજ્યું હતું.

જીતેનના પરિવારજનોએ હત્યાની શંકા વ્યક્ત કરતા પોલીસે સ્મીમેર હોસ્પિટલમાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. જેમાં પ્રાથમિક રિપોર્ટમાં ગળા પર બે ઘા વાગ્યા હતા અને વધારે લોહી નીકળી જવાથી તેનું મોત થયું હોવાનું જાણવા મળ્યું હતું. જો કે આત્મહત્યા કરી હોવાની શક્યતા ડોક્ટરે વ્યક્ત કરી હતી અને જીતેનના મૃતદેહના જરૂરી સેમ્પલ લીધા હતા.

## સુડોકુ ૯૪૨૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૮ | | | ૭ | ૩ | | ૧ | |
| | | | ૨ | | | ૫ | ૩ | ૭ |
| ૭ | | ૬ | | | | | | ૨ |
| | ૪ | | | ૧ | ૫ | ૨ | ૮ | |
| ૯ | | | | | ૪ | | | |
| | | ૮ | | | ૭ | | | |
| | | | | | ૯ | ૭ | ૬ | ૪ |
| ૧ | ૬ | ૯ | | ૪ | | ૩ | ૫ | |
| | | | ૫ | ૬ | ૮ | | ૨ | ૧ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



# માનસિક બીમારીથી પીડિત યુવકે માલગાડી સામે પડતું મુક્યું

સુરતઃ લિંબાયતમાં માનસિક બીમારીથી પીડિત યુવકે માલગાડી સામે પડતું મૂકીને આપઘાત કરી લીધો હતો. મૂળ મહારાષ્ટ્રના વતની અનિલ ઝુલાલ કેદાર (ઉં.વ.30) હાલ લિંબાયત સંજયનગરમાં પરિવાર સાથે રહેતો હતો. અનિલ એમ્બ્રોડરીના ખાતામાં નોકરી કરીને પરીવારનું ગુજરાન ચલાવતો હતો. છેલ્લા પંદરેક દિવસથી અનિલને માનસિક બીમારી થવા લાગી હતી અને તે ઘરમાં પણ ''હું મરી જવા, હું મરી જવા'' તેમ રટણ કરતો રહેતો હતો. દરમિયાન રવિવારે બપોરે ભેસ્તાન નિયોલ બાયપાસ પાસે રેલવે ટ્રેક પર અનિલે માલગાડી ટ્રેનની સામે પડતું મૂકીને આપઘાત કરી લીધો હતો. બનાવને પગલે અનિલનું માથું ધડથી અલગ થઈ ગયું હતું.

# છત્તીસગઢના એન્ટી સાયક્લોનથી સુરતની ઠંડીને બ્રેક, 17.4 ડિગ્રી

**ઉત્તરના** ઠંડા પવનો અવરોધાતા લઘુત્તમ તાપમાન બે ડિગ્રી વધી ગયું

સુરતઃ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી ઠંડી વધવાની શક્યતા વચ્ચે છત્તીસગઢ વિસ્તારમાં સર્જાયેલું એન્ટી સાયક્લોન સર્ક્યુલેશન સુરત સહિત દક્ષિણ ગુજરાત માટે વિઘ્નરૂપ બન્યું છે. તેના કારણે આજે શહેરમાં ઠંડીનો પ્રભાવ ઘટ્યો હતો અને તાપમાનમાં વધારો નોંધાયો છે.

હવામાન વિભાગની માહિતી અનુસાર, આજે સુરતમાં મહત્તમ તાપમાન અડધો ડિગ્રી વધીને 30.8 ડિગ્રી સેલ્સિયસ, જ્યારે લઘુત્તમ તાપમાન પણ બે ડિગ્રી વધીને 17.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ઠંડી વધવાની શક્યતા વચ્ચે આવેલા આ ફેરફારથી શહેરવાસીઓને ઠંડીમાં થોડી રાહત અનુભવાઈ હતી. આજે શહેરમાં હવામાં ભેજનું પ્રમાણ 69 ટકા નોંધાયું હતું અને ઉત્તર-પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક 6 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાતો રહ્યો હતો. સામાન્ય રીતે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ઠંડીમાં વધારો થવાની આગાહી કરવામાં આવી હતી, પરંતુ છત્તીસગઢમાં સર્જાયેલા એન્ટી સાયક્લોન સર્ક્યુલેશનની અસરથી આ સિસ્ટમ નબળી પડી છે. હવામાન નિષ્ણાતો મુજબ, એન્ટી સાયક્લોનના કારણે ઉત્તર તરફથી આવતી ઠંડી હવાના પ્રવાહમાં અવરોધ સર્જાયો છે. પરિણામે આગામી દિવસોમાં સુરત અને આસપાસના વિસ્તારોમાં કડક ઠંડીની શક્યતા ઓછી છે અને તાપમાન સામાન્ય રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

## દાદીમાના નુસખા


મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### તાવ અને અરુચિ

તાવ હોય તો ખોરાક લેવાની ઈચ્છા થતી નથી. મોનો સ્વાદ બગડી જાય છે. આદુ છૂંદીને રસ કાઢો તેમાં લીંબુ રસ અને સિંધવ ઉમેરી, થોડું થોડું પીવા આપો.

## શબ્દગુંફન - ૭૧૩૮

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. ખડબચડું, આડું આવળું (૬)
૭. કાઢી મૂકેલું (૫)
૮. ઇચ્છા, મનીષા (૩)
૯. તાજી તાડી (૨)
૧૦. કુસ્તીબાજ, પહેલવાન (૨)
૧૧. ફાયદો, સમૃદ્ધિ (૪)
૧૩. મન (૩)
૧૫. આધાર (૩)
૧૮. અનુકરણ (૩)
૨૦. ચર્ચા (૫)
૨૨. પતિ (૨)
૨૩. ધરાયેલું, તૃપ્ત (૨)
૨૪. મોટા કદનું (૪)
૨૫. ધૂન, મસ્તી (૨)
૨૭. હાથ (૨)
૨૯. દાન આપનાર(૨)
૩૦. હાથી (૨)
૩૧. લખવાનું કે (૨)
૩૨. આદમી (૨)

**ઊભી ચાવી**

૨. શરીર, દેહ (૩)
૩. ખારવાળુ (૨)
૪. તાંબા પિત્તળનો ડબ્બો (૩)
૫. શ્રીમંત, ભરપૂર (૪)
૫. તિરસ્કાર (૪)
૮. પ્રતાપ, યશ (૩)
૯. નીલ રંગનું રત્ન (૩)
૧૧. જેલનો ઉપરી (૬)
૧૨. દીકરી (૨)
૧૪. રોકડું (૩)
૧૬. આપવું તે (૨)
૧૭. નિવારનારું (૪)
૧૯. પરાજય (૨)
૨૦. કથા, કહાણી (૩)
૨૧. ધન (૨)
૨૨. દેવ-દેવીએ આપેલું વચન (૪)
૨૬. પર્વત (૨)
૨૮. ધૂળ, સહેજ (૨)



# રેલવેએ ખુદાબક્ષ મુસાફરો પાસેથી 9 મહિનામાં 155 કરોડ દંડ વસૂલ્યો

**એપ્રિલથી** ડિસેમ્બર સુધીમાં વ્યાપક ટિકિટ ચેકિંગ સહિતની વિશેષ ઝુંબેશ હાથ ધરાઈ હતી

**વગર** ટિકિટ મુસાફરી, ખોટી શ્રેણીમાં સફર, બૂકિંગ વિનાનો સામન સહિતના કેસો કર્યા



### ડિસેમ્બર મહિનામાં જ ૨.૫૧ લાખ કેસ કરાયાં

ડિસેમ્બર મહિનામાં સૌથી વધુ કાર્યવાહી કરવામાં આવી હતી. આ મહિના દરમિયાન જ પશ્ચિમ રેલવેએ ૨.૫૧ લાખથી વધુ કેસો કરી ૧૫.૫૪ કરોડનો દંડ વસૂલ્યો હતો. જે ગત વર્ષના ડિસેમ્બરની સરખામણીમાં સૌથી વધુ હતો. એસી લોકલ ટ્રેનોમાં અનાધિકૃત મુસાફરો સામે કાર્યવાહી કરી લગભગ ત્રણ કરોડની વસૂલાત કરવામાં આવી હતી.

સુરતઃ પશ્ચિમ રેલવેએ ટિકિટ વગર મુસાફરી કરનારા સહિતનાની સામે છેલ્લાં નવ મહિનામાં શરૂ કરેલી ઝુંબેશ રેલવેને ફળી છે. નવ મહિના દરમિયાન પશ્ચિમ રેલવેએ વ્યાપક ટિકિટ ચેકિંગ અભિયાનમાં કુલ રૂ.૧૫૫ કરોડથી વધુનો દંડ વસૂલ્યો હતો. જે ગયા વર્ષની સરખામણીમાં આશરે ૫૦ ટકા વધુ છે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનિત અભિષેકે જણાવ્યું હતું કે, આ અભિયાનનો હેતુ માત્ર દંડ વસુલવાનો નથી, પરંતુ ઈમાનદારીથી મુસાફરી કરતાં મુસાફરોને ઉત્તમ મુસાફરીનો અનુભવ પૂરો પાડવાનો તેમજ રેલવેના આવક સંસાધનોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે.

ખુદાબક્ષોની સામે આ અભિયાન ખાસ કરીને મેલ, એક્સપ્રેસ, પેસેન્જર તેમજ હોલિડે સ્પેશિયલ ટ્રેનોમાં અસરકારક રીતે ચલાવવામાં આવ્યું હતું, જેથી લાંબા અંતરના મુસાફરોને સલામત, સુવિધાજનક અને નિરાંતે મુસાફરી મળી શકે. વરિષ્ઠ વાણિજ્ય અધિકારીઓની દેખરેખ હેઠળ રચાયેલી વિશેષ ટિકિટ ચેકિંગ ટીમોએ સતત તપાસ કરી બિનટિકિટ મુસાફરી, ખોટી શ્રેણીમાં સફર તથા બૂકિંગ વગરનાં સામાનના કેસોમાં કડક કાર્યવાહી કરી હતી.

## મોટાવરાછાના બંધ મકાનમાંથી રૂ.૧.૦૮ લાખની ચોરી

સુરતઃમોટા વરાછા વિસ્તારમાં ફર્નિચરનું કામ ચાલુ હોવાથી અસ્થાયી રીતે ખુલ્લા રહેલા મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું છે.

પુણા યોગીચોક વિસ્તારમાં આવેલી ગજાનંદ સોસાયટીમાં રહેતા અને દલાલીનો વ્યવસાય કરતા કૌશિકભાઈ જીવરાજભાઈ ચોવટિયાના મોટા વરાછા વિસ્તારમાં એમ્પાયર સ્કૂલ પાસે આવેલ અવધ બંગલોઝમાં ઘર નં.૩૮ ખાતે ફર્નિચરનું કામકાજ ચાલી રહ્યું હતું. મકાનમાં કારીગરો દ્વારા કામ કરવામાં આવતું હોવાથી કેટલાક ભાગ ખુલ્લા રહેતા હતા. જેથી તેમના મકાનમાં અઠવાડિયામાં બે દિવસ ઘૂસી તસ્કરો અંદાજે રૂ.૧.૦૮ લાખની ચોરી કરી ગયા હતાં.

## ગોડાદરાના બંધ મકાનમાંથી રૂ.૧.૮૭ની ચોરી

સુરતઃ ગોડાદરાના બંધ મકાનમાં તસ્કરોએ હાથફેરો કર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર મૂળ ઝારખંડ રાજ્યના વતની અને હાલ સુરતના ગોડાદરા વિસ્તારમાં સાંઈધામ સોસાયટીની બાજુમાં આવેલી વૃંદાવન પાર્ક સોસાયટીમાં રહેતા છોટેલાલ વિશ્વનાથ વર્મા માર્કેટમાં સેલ્સમેન છે. તેઓ થોડા દિવસ માટે બહારગામ ગયા હોવાથી તેમનું મકાન બંધ હતું. ૧૧ ડિસેમ્બર ૨૦૨૫થી ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન કોઇ તસ્કર દરવાજાનો નકૂચો તોડીને તેમના ઘરમાં ઘૂસી ગયો હતો. તેણે પેટી પલંગમાંથી રોકડા રૂપિયા ૫૦ હજાર તેમજ રૂ.૧.૩૭ લાખની કિંમતના દાગીના મળીને કુલ ૧.૮૭ લાખની મતાની ચોરી કરી હતી.

## આજનું પંચાંગ

**તા. 06/01/2026, મંગળવાર**

**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1947
**વીર સંવત** : 2552 **માસ** : પૌષ
**તિથિઃ** વદ ત્રીજ : 08:02 પછી ચોથનો ક્ષય છે.
**રાષ્ટ્રિય દિનાંક** : પૌષ : 16 **અયન** : ઉત્તરાયણ
**ઋતુ** :શિશિર **નક્ષત્ર** : આશ્લેષા : 12:20 સુધી જન્મેલાની આશ્લેષાની શાંતિ કરાવવી **યોગ** : પ્રીતિ **કરણઃ** બવ **રાશિઃ** કર્ક (ડ.હ.) 12:20 પછી સિંહ (મ.ટ.)
**દિવસ** : અશુભ - સંકષ્ટ- અંગારકી ચતુર્થી-શ્રી દયાનંદગીરી ગુરુ બ્રહ્મગિરી યાને શ્રીમુંડીયા સ્વામી પુ.તિ.
**સુરતમાં સૂર્યોદય** : 07:19 **સુરતમાં સૂર્યાસ્ત** : 18:10 **નવકારસીઃ** 08:07
**પારસી વર્ષ** : 1395, અમરદાદ માસનો 25મો રોજ
**મુસલમાન વર્ષ** : 1447, રજ્જબ માસનો 16મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ** : બપોરે : 15:00 થી 16:30 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** ઘર-પરિવારની સમસ્યાનું સમાધાન થાય. નોકરીમાં નવા ફેરફારથી રાહત રહે.
**વૃષભ (બ,વ,ઉ,):** શુભ સમાચાર મળે. શુભ પ્રસંગમાં જવાનું બને. નોકરીમાં અનુકૂળતા રહે. મન પર ભાર.
**મિથુન (ક,છ,ઘ,):** વાણી અને વ્યવહાર કુશળતાથી ઘરના પ્રશ્નો હલ થાય. આવક વધારવાની યોજના બને.
**કર્ક (ડ,હ,):** અચાનક અટકેલા કામમાં ગતિ આવે. નવાં લોકોથી નવું શીખવા મળે. નોકરીમાં નવી તક મળે.
**સિંહ (મ,ટ,):** ગુપ્ત ભય સતાવે. સંતાન ચિંતા સતાવે. અચાનક વિદેશનાં કામમાં પ્રગતિથી ખુશી વધશે.
**કન્યા (પ,ઠ,ણ,):** ઉચ્ચ કક્ષાના સ્ત્રી મિત્રો અને વફાદાર મિત્રોનો સાથ પ્રેમ વિવાહમાં મળે.
**તુલા (ર,ત,):** નોકરીમાં નવાં ફેરફારથી અનુકૂળતા વધશે. સંપત્તિ કે મિલકતના સોદા થઇ શકે છે.
**વૃશ્ચિક (ન,ય,):** માનસિક પીડા સતાવે. સંતાન, જીવનસાથીના કામમાં વિઘ્નો આવે. ધર્મ-કર્મ થાય.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** આરોગ્ય બાબતે સાવધાની રાખવી. ગુપ્ત ભય સતાવે. અચાનક લાભ થાય. મિલન-મુલાકાત થાય.
**મકર (ખ,જ,):** ઉંમરલાયકના વિવાહ થઇ શકે અને વિદેશ કે લાંબી મુસાફરીની યોજના પાર પડશે.
**કુંભ (ગ,સ,શ,ષ,):** નોકરીમાં સાવધાની રાખવી વિજાતિય આવેગ સતાવે. હિત શત્રુઓથી સાવધાની.
**મીન (દ,ચ,ઝ,થ,):** શેર બજારનાં કામ થાય. ઉંમર લાયકના પ્રેમવિવાહની શકયતા રહે. મદદ મળે.

### કોઇ પણ સાલમાં 06 જાન્યુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું વર્ષ સામાન્ય રહે. નવુ શીખવા અને નવા વાતાવરણમાં કામ કરવાની તક મળે. તેમજ ટેકનોલોજીને લગતા વેપાર-ધંધા-નોકરીમાં પ્રગતિ થાય. સરકારી કામ, સરકારી નોકરીમાં સાવધાની રાખવી સમાજમાં માન મળે. પરિવારની જવાબદારી દોડ-ધામ વધારશે. આર્થિક બાબતે સામાન્ય રહે. સંતાનોની પ્રગતિ થાય. વિદેશના કામમાં મદદ મળે. વિદ્યાર્થીઓને તક મળે. નવા ઘર, વાહન, મકાન, બાબતે વડીલોનો સાથ મળશે. કોઇપણ માસનું 06,15, 24 તારીખે જન્મેલ અને 03,06,09 તારીખ તથા શુક્ર શનિવાર શુભ કહેવાય. સફેદ અને ચમકેલ રંગનો ઉપયોગ કરતા રહેવું બુધવાર 01,10, 19 અને 28 તારીખ ટાળવી, તેમજ 01 અને 05 અંક વાળાથી સાવધાન રહેવું. એપ્રિલ-મે અને સપ્ટેમ્બર-ડિસેમ્બરમાં ભાગ્યના સાથનો અનુભવ થાય. જુલાઈ- ઓગસ્ટમાં નવી યોજનાનો અમલ ટાળવો. યાત્રા-પ્રવાસમાં સાવધાની રાખવી ચડતીપડતી સાથે વર્ષ આગળ વધશે અને મિત્રોનો સાથ મળતો રહેશે.